# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2563 ❖ અષાઢ પૂર્ણિમા ❖ 16 જુલાઈ 2019 ❖ વર્ષ – 19 ❖ અંક – 04 ❖ સળંગ અંક - 232


## ધમ્મવાણી

अत्ता हवे जितं सेय्यो या चायं इतरा पजा ।
अत्तदन्तस्स पोसस्स निच्चं सञ्ञतचारिनो ।।
नेव देवो न गंधब्बो न मारो सह ब्रह्मुना ।
जितं अपजितं कयिरा तथारुपस्स जन्तुनो ।।

અન્યોને જીતવાની સરખામણીએ પોતાને જીતવું શ્રેષ્ઠ છે. જે વ્યક્તિએ પોતાનું દમન કરી લીધું, તે પોતાને સદા સંયત રાખે છે. તે વ્યક્તિની જીતને દેવતા, ગંધર્વ, બ્રહ્મા સહિત મારસેના પણ હારમાં ફેરવી શકતી નથી. **-ધમ્મપદ**

## કાદવમાં કમળ ખીલ્યું-૩

**- ગતાંકથી જારી....**

*ભગવાને તેને તેના અનુકૂળ વિપશ્યના સાધના શીખવી, જેનો અભ્યાસ કરતાં કરતાં ટૂંક સમયમાં જ તે અરહંત બની ગયો. અરહંત બનતાં તેણે પોતાના હર્ષભર્યા ઉદ્‌ગારો અનેકાર્થી શ્લેષભાષામાં અભિવ્યક્ત કર્યા-*

**दुम्हो जाय उप्पन्नो ।**

*-દ્રુમએટલે વૃક્ષના નામથી ઓળખાતા એટલે આમ્રપાલીની કૂખથી જન્મેલો. વૃક્ષનાં અનેક મૂળ અને અનેક શાખાઓ હોય છે, આમ્રપાલીના પણ અનેક પતિ અને અનેક પુત્ર થયા. આ અર્થમાં પણ આ શ્લેષ શબ્દ પ્રયોજાયો (પ્રયુક્ત થયો).*

**जातो पण्डर केतुना ।**

*- શ્વેત છત્રનો પુત્ર એટલે મહારાજા બિંબિસારનો પુત્ર. તે સમયના ભારતમાં રાજા-મહારાજા શ્વેત છત્ર ધારણ કરતા હતા. સમય વીતતાં એના સ્થાને સોનેરી જરીથી મઢેલા લાલ રંગનું છત્ર આવી ગયું. પરંતુ પડોશી બ્રહ્મદેશમાં ભારતની પુરાતન પરંપરા આજે પણ જળવાઈ છે. ઝાલરવાળું શ્વેત છત્ર આજે પણ ત્યાં રાજ્ય શાસકનું પ્રતીક છે.*

**केतुहा - એટલે** *અહંકારરૂપી કેતુ (માર)નો નાશ કરનાર,*

**केतुनायेव - એટલે** *આ કેતુ દ્વારા,* **એટલે મારસાથે યુદ્ધ કરનારી પ્રજ્ઞા દ્વારા, આ ધર્મ-ધ્વજા જેને धम्मोहि इसीनं धजा અર્થાત્** *ઋષિઓની ધ્વજા કહેવામાં આવી.* **એવી ધર્મ-ધ્વજા દ્વારા -**

**महाकेतुपधंसयि ।**

*- પાપની મહાધ્વજા ધારણ કરેલા પાપી મારને પરાસ્ત કર્યો અર્થાત્ અરહંત અવસ્થા પ્રાપ્ત કરી.*

*જેવી રીતે કીચડથી ભરેલા, ગંદા તળાવમાં સુંદર, સુરભિત કમળ ઊગી નીકળે, તેવી જ રીતે એક નિંદિત જીવન જીવનારી ગણિકાની કૂખથી આ ભાવિ અરહંત પેદા થયો. આમ્રપાલીની કૂખ ધન્ય બની, બિંબિસારનું પિતાપણું ધન્ય બન્યું! ધન્ય બન્યો બંનેના સંયોગથી ઉત્પન્ન વિમલ કૌંડિન્ય! ધન્ય બની ભગવાન બુદ્ધની ધર્મદેશના!*

*આવી ધન્યતા સૌને પ્રાપ્ત થાઓ!*

### નગરશોભિની ધર્મશોભિની બની

*મગધેશ બિંબિસારની એક રાતની ભાડાની ભાર્યા જનપદકલ્યાણી આમ્રપાલીના ભાગ્યનો ઉદય થયો. તે પણ ભગવાનના સંપર્કમાં આવી. બિંબિસારે તેને પ્રત્યક્ષ પ્રભાવિત કરી હોય કે કોઈ સંદેશાવાહક મારફતે પ્રભાવિત કરાવવામાં આવી હોય આની સંભાવના ઓછી છે. પરંતુ આમ્રપાલીને લોકો દ્વારા આવા સમાચાર તો મળ્યા જ હશે કે તેના પુત્ર વિમલ કૌંડિન્યનો પિતા રાજા બિંબિસાર હવે ભગવાન બુદ્ધનો અનન્ય ભક્ત બની ગયો છે. બની શકે છે કે તેણે જ પોતાના પુત્રને પોતાના પિતાના પગલે ચાલતાં ચાલતાં ભગવાનનો શ્રદ્ધાપૂર્વક અનુયાયી બનવા માટે પ્રોત્સાહિત કર્યો હોય. ભિક્ષુ થતાં પુત્રની મૂર્ધન્ય આધ્યાત્મિક ઉપલબ્ધિ જોઈને સ્વયં પોતે પણ ભગવાન પ્રત્યે આકર્ષિત થઈ હોય અને ગણિકાના પતિત વ્યવસાયને ઘૃણાસ્પદ માનવા લાગી હોય. સાચું કારણ જે પણ હોય, લોકોને કામભોગના કીચડમાં ડુબાડી રાખનારી આમ્રપાલી પ્રૌઢાવસ્થા સુધી પહોંચતાં પહોંચતાં ભગવાન પ્રત્યે અત્યંત શ્રદ્ધાળુ બની ચૂકી હતી. પોતાના જીવનનાં છેલ્લાં વર્ષમાં ભગવાન પશ્ચિમતરફ વિહાર કરવા માટે રાજગૃહથી વૈશાલી પહોંચ્યા. ત્યાં સુધીમાં વૈશાલીમાં શાસનકર્તાઓ સિવાય અનેક ગણમાન્ય કહેવાતા લોકો ભગવાનના અનુયાયી બની ચૂક્યા હતા, પરંતુ તેમના દર્શન માટે સૌથી પ્રથમ આમ્રપાલી જ પહોંચી કારણ કે ભગવાન આમ્રપાલીના આમ્રકુંજમાં રોકાયા હતા. તેણે આગળના દિવસે ભોજન માટે ભગવાનને આમંત્રિત કર્યા. ભગવાને મૌન રહીને તેનો સ્વીકાર કર્યો. વૈશાલીમાં આગમન થતાં પ્રથમદિવસના ભોજનદાનનું ઘણું મહત્ત્વ હતું. અનેક પ્રતિષ્ઠિત લોકો આ પુણ્યને પ્રાપ્ત કરવા માટે ઈચ્છા ધરાવતા હતા. પરંતુ વૈશાલીની ગણિકાના ભાગ્યમાં જ આ પુણ્ય લખેલું હતું.*

*તે પોતાના ભાગ્ય તરફ ગર્વિત થતી પોતાના રથ પર સવાર થતી પ્રસન્ન મનથી ઘર તરફ પાછી ફરી રહી હતી. સામેથી લિચ્છવી રાજકુમારોનો એક સમૂહ પોતપોતાના રથો પર સવાર થઈ આ બાજુ આગળ વધી રહ્યો હતો. તેમાંના કેટલાકે ભૂરાં વસ્ત્રો અને ભૂરાં અલંકારો પહેર્યાં હતાં અને ભૂરા રંગના રથો પર સવાર થયેલા હતા કેટલાક તો પીળા વર્ણના વસ્ત્રાલંકારો પહેરીને, પીળા રંગના રથો પર સવાર હતા કેટલાક તો લાલ રંગના વસ્ત્રાલંકાર પહેરીને લાલ રંગના રથો પર સવાર થયેલા હતા અને કેટલાક શ્વેતવર્ણીય વસ્ત્રો પહેરીને, શ્વેત આભૂષણોથી અલંકૃત થઈ શ્વેત રંગના રથો પર સવાર થયા હતા. તેમની છટા અદ્‌ભુત હતી, ભવ્ય હતી, જોવાલાયક હતી. દેવોની મંડળી જેવા સુશોભિત લિચ્છવી રાજકુમારોનો આ સમૂહ ભગવાનના દર્શને જ જઈ રહ્યો હતો. સાધારણ રીતે રાજપરિવાર અથવા રાજપુરુષોના રથ સડક પર જ્યારે સામેથી આવી રહ્યા હોય ત્યારે પ્રજાજન પોતાના રથોને સડકથી નીચે ઉતારી લેતા હોય છે તેથી તે કોઈપણ અવરોધ વગર મુખ્ય સડક પર પોતાનો રથ હાંકી શકે. પરંતુ આમ્રપાલી આજે હરખથી ફૂલી સમાતી નહોતી, તેણે રાજકુમારોને રસ્તો આપ્યો નહીં.*

પરિણામ એ આવ્યું કે રાજકુમારોના રથોનાં પૈડાંથી તેના રથનાં પૈડાં ટકરાયાં, ધરીથી ધરી અથડાઈ. રાજકુમાર વિસ્મિત થઈ ગયા કે ગણિકા આમ્રપાલીને આજે આ શું થઈ ગયું છે ? તેમણે પૂછી લીધું, કે તે આવી રીતે મર્યાદા બહાર રથ શા માટે ચલાવે છે ? આમ્રપાલીએ જવાબ આપ્યો કે તમને ખબર નથી ભગવાને મારા ઘેર કાલે ભોજનનું આમંત્રણ સ્વીકાર્યું છે ? ભગવાન આમ્રપાલી ગણિકાનું ભોજન સ્વીકાર કરશે, તેનો વિશ્વાસ ન તો રાજકુમારોને હતો કે ન સ્વયં આમ્રપાલીને. આ જ કારણે તે પોતાના વિજય પર હર્ષોન્મત્ત થઈ ગઈ હતી. રાજકુમારોને વિસ્મય સાથે દુઃખ પણ થયું, કારણ કે તેઓ પણ આવતીકાલના ભોજનદાન માટે જ ભગવાનને આમંત્રિત કરવા જઈ રહ્યા હતા. તેમને એવી ખાતરી થઈ ગઈ હતી કે તેઓ હવે હારી ગયા, આમ્રપાલી બાજી મારી ગઈ. ભગવાન જેનું આમંત્રણ સ્વીકાર કરી લેતા હતા, તેને છોડીને બીજા કોઈને ત્યાં ભોજન માટે જતા નહોતા. ભગવાનનો આ નિયમ સર્વવિદિત હતો. આથી તેમણે આમ્રપાલીને પ્રલોભન આપ્યું, કાલના ભોજનદાનના બદલે તેને એક લાખ મુદ્રા લઈ લેવા કહ્યું. આપણે જાણતા નથી, કે આ એક લાખ રજતમુદ્રા કે સુવર્ણમુદ્રાનો ખેલ હતો. પરંતુ જે હોય તે, એક રાતના દેહવિક્રય માટે પચાસ મુદ્રા પ્રાપ્ત કરનારી ગણિકા માટે આ બહુ જ મોટી રકમ હતી. આમ્રપાલી માટે જનપદકલ્યાણી હોવાના કારણે પચાસ મુદ્રાઓ પણ વધારે કિંમત ધરાવતી હશે. પણ હવે તો એક લાખ મુદ્રાની બોલી હતી, મોટું આકર્ષણ હતું. પરંતુ નગરગણિકાએ ભગવાનના ભોજનદાનના પુણ્યની સરખામણીમાં આ ધનને તુચ્છ માન્યું. આ પ્રલોભનનો તિરસ્કાર કરી તે બોલી - ''રાજકુમારો ! જો આખુંયે લિચ્છવી જનપદ પણ મને આપી દો તો પણ કાલનું ભોજન-દાન હું તમને આપવાની નથી.'' લિચ્છવી કુમારો શરમાઈને આશ્ચર્ય પામ્યા. આમ્રપાલી પોતાના વિજય પર ફુલાતી ઘરે પાછી વળી.

બીજા દિવસે ભગવાન તથા ભિક્ષુસંઘને અત્યંત શ્રદ્ધાપૂર્વક ભોજનદાન આપીને જ્યાં ભગવાનનો ઉતારો હતો, તે પોતાના આમ્રવનને પણ બુદ્ધ-પ્રમુખ ભિક્ષુસંઘને દાન આપી દીધું અને મહાન પુણ્યશાળી બની.

કેટલાક સમય પછી તે પોતાના અરહંત બનેલા પુત્ર વિમલ કૌંડિન્ય મારફતે વિપશ્યના તરફ અત્યંત આકર્ષિત થઈ. તેણે પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને પોતાનું ઘૃણાપાત્ર જીવન છોડીને ત્યાગમયી તપસ્વિનીનું જીવન જીવવા લાગી. પૂર્વની પારમિતાઓને કારણે તેને બળ પ્રાપ્ત થયું.

તે કલ્પો પૂર્વે એક ભવમાં ભગવાન **पुष्य महामुनि** ના જીવનકાળમાં તેમની બહેન હતી. ખૂબ જ દાન આપીને તેણે ધર્મ-સંકલ્પ કર્યો હતો કે આ દાનના ફલસ્વરૂપ ભવિષ્યમાં તેને અત્યંત સુંદર શરીર મળે. આ પુણ્યના ફલસ્વરૂપ તે અત્યંત રૂપવતી બની. પરંતુ એકત્રીસ કલ્પો પૂર્વે ભગવાન શિખીના જીવનકાળમાં તેણે ભિક્ષુણીસંઘની કોઈ એક સાધ્વીને ક્રોધિત બની અપશબ્દો કહ્યા - ''તું વેશ્યા છે, અનાચારિણી છે, જિન-શાસનને દૂષિત કરનારી છે.'' આ મિથ્યા દોષારોપણ ભરેલા પ્રલાપના કારણે ખૂબ સુંદર હોવા છતાં પણ તેણે સ્વયં પોતે વેશ્યાનું જીવન જીવવું પડ્યું. દુરાચારિણીનું જીવન જીવવું પડ્યું. પરંતુ સાથે સાથે તેની અનેક જન્મોની પુણ્ય પારમિતા હોવાને કારણે ભિક્ષુણી આમ્રપાલીએ વિપશ્યના કરતાં કરતાં અરહંત અવસ્થા પ્રાપ્ત કરી લીધી. ત્યાં સુધી તે અત્યંત વૃદ્ધા થઈ ચૂકી હતી. અરહંત થતાં તેણે જે પ્રસન્ન ચિત્તથી ધર્મના ઉદ્ગાર પ્રગટ કર્યા, તે અનિત્ય પરિવર્તનશીલ શરીરની યથાભૂત અભિવ્યંજના છે, અનુપમ અભિવ્યક્તિ છે.

તે ફક્ત અત્યંત રૂપવતી જ નહોતી, રૂપગર્વિતા પણ હતી. તે રૂપ-જીવિની હોવાને કારણે સ્વભાવતઃ પોતાના શરીરને શૃંગાર-પ્રસાધનોથી અને વસ્ત્ર-આભૂષણોથી ખૂબ જ સજાવી ધજાવીને રાખતી હતી. ભગવાને પોતાના ઉપદેશોમાં તેને શરીરના સૌંદર્યની નશ્વરતા, ભંગુરતા અને પરિવર્તનશીલતાનો ઉપદેશ આપ્યો હતો -

**सब्बं रूपं अनिच्चं जराभिभूतं ।**

આ વૃદ્ધાવસ્થામાં આ જ સત્ય પ્રગટ થયું, પરંતુ હવે તેને તેનો કોઈ ક્ષોભ નહોતો. કારણ કે શરીર પ્રત્યે તેની આસક્તિ પૂર્ણતયા તૂટી ચૂકી હતી. કેવળ તથ્યોની અભિવ્યંજના હતી, જેથી બીજાઓને આ સચ્ચાઈથી જ્ઞાન મળે, શરીર-સૌંદર્ય પ્રત્યે તેમની મિથ્યા આસક્તિ તૂટે. તેણે કહ્યું -

(૧) ભમરાના રંગ જેવા મારા કાળા કેશ હતા. મૂળથી લઈને અગ્ર ભાગ સુધી બધા વાળ ઘુંઘરાળા હતા. એ જ આજે જરા - જીર્ણ અવસ્થામાં એકદમ શ્વેત બની ગયા છે. સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય અસત્ય નથી હોતાં.

(૨) ચંપક, મલ્લિકા, જૂઈ આદિ પુષ્પોથી પૂરેપૂરો ગૂંથાયેલો મારો કેશ-કલાપ સુગંધીના ભંડાર જેવો સદા સુવાસિત, સુરભિત રહેતો હતો, જે હવે ઘેટાંના દુર્ગંધયુક્ત વાળની જેમ દુર્ગંધિત, દુર્વાસિત બની ગયો છે. સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય અસત્ય નથી હોતાં.

(૩) સોનાની નાની કાંસકી અને ક્લિપોથી સજાવીને ઓળેલા મારા કેશ-વિન્યાસમય જોડેલા, ગાઢ ઊગેલા ઉપવન જેમ સુશોભિત રહેતા હતા. એ જ હવે ઘણી જગ્યાએથી વાળ તૂટી પડવાના કારણે, જે વિરલ કેશ હતા તે કેવા બદસૂરત થઈ ગયા છે ! સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય અસત્ય હોતાં નથી.

(૪) એક સમયે મારા માથામાંનો અંબોડો બહુમૂલ્ય હીરાજડિત સોનાની લટોથી અલંકૃત રહેતો હતો. મીઠી મીઠી સુગંધોથી મહેકતો ચોટલીઓથી ગૂંથાયેલો રહેતો હતો. એ જ હવે જરા-અવસ્થામાં વાળ ખરી પડવાના કારણે કુરૂપ અને ગંદો થઈ ગયો છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૫) કુશળ ચિત્રકારના હાથોથી અત્યંત કલાત્મક રૂપે અંકિત કરવામાં આવેલી મારી બંને સુંદર ભ્રમરો હતી. તેની શોભા અનુપમ હતી. હવે જરા-અવસ્થામાં તેમાં કરચલીઓ પડી ગઈ છે. સુંદર ખેંચાયેલી ભ્રમરો હવે અવનત થઈ ગઈ, ઝૂકી ગઈ. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૬) એક સમયે મારાં નેત્રો વિશાળ હતાં, ઉજ્જ્વળ હતાં. તેની બંને કીકીઓ નીલમણિ સમાન જ્યોતિર્મય હતી. હવે વૃદ્ધાવસ્થાએ તેને નિસ્તેજ બનાવી દીધી, પ્રભાહીન બનાવી દીધી, કુરૂપ બનાવી દીધી. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૭) નવયૌવનકાળમાં સુંદર શિખર સમાન ઉપર ઊઠેલી મારી કોમળ, સુદીર્ઘ નાસિકાને હવે જરા અવસ્થાએ સંકોચી દીધી છે, પિચકાઈ ગઈ છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૮) કુશળ કારીગરો દ્વારા નિર્મિત કલાપૂર્ણ કંકણ સમાન મારી કર્ણરેખાઓ હતી. એ જ હવે જરા-અવસ્થામાં કરચલીઓ પડીને નીચેની બાજુએ લટકી ગઈ છે અને સૌંદર્યહીન બની ગઈ છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૯) એક સમયે મારી દંતાવલી સુંદર દાડમની કળીઓ જેવી સુશોભિત હતી. હવે એ જ દાંત વૃદ્ધાવસ્થામાં તૂટી ગયા છે, પીળા પડી ગયા છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૦) વનવિહારિણી કોયલના મધુર કંઠ જેવી ક્યારેક મારી મીઠી, મધુર વાણી હતી. હવે જરા-અવસ્થામાં તે સ્ખલિત બની ગઈ, ખોખરી બની ગઈ. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૧) કસેલા લીસા શંખ જેવી સુશોભિત મારી ડોક હતી. હવે જરા-અવસ્થામાં તે ભાંગી ગયા સમાન છે, ઝૂકી ગઈ છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૨) પહેલાં સુંદર ગદા સમાન ગોળાકાર મારી બંને ભુજાઓ હતી. આજે તે જરા-અવસ્થામાં પાંડર વૃક્ષની સુકાયેલી શાખાઓ જેવી દુર્બળ બની ગઈ છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૩) પહેલાં મારા હાથની સુકોમળ આંગળીઓ સુંદર વીંટીઓ અને સુવર્ણ અલંકારોથી સજાવેલી રહેતી હતી. તે આજે વૃદ્ધાવસ્થામાં સુકાઈને ગાંઠ-ગઠીલી થઈ ગઈ છે, દુર્બળ થઈ ગઈ છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૪) પહેલાં મારા વક્ષ:સ્થળ પર બંને સુંદર, સુડોળ અને સુગોળ સ્તન સુશોભિત હતાં. વૃદ્ધાવસ્થામાં એ જ હવે પાણી ભરેલી થેલીઓ જેવાં લબડી ગયાં છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૫) ક્યારેક મારું આખુંયે શરીર સુંદર, શુદ્ધ તપેલા સોનાના પાસા જેવું ચમકતું હતું. હવે તે જરા-અવસ્થામાં નાની-નાની કરચલીઓથી ભરાઈને મૂરઝાઈ ગયું છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૬) ક્યારેક મારી બંને જાંઘો હાથીની સૂંઢ સમાન સુઘડ, સુંદર હતી, સુશોભિત હતી. હવે એ જ આજે જરા-અવસ્થામાં પોલા વાંસની નળીઓ જેવી ખોખરી થઈ ગઈ છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૭) ક્યારેક મારા સુકોમળ પગ નૂપુર અને સુવર્ણાલંકારોથી સુશોભિત રહેતા હતા. આજે તે જરા-અવસ્થામાં સૂકા ઠૂંઠા જેવા બેડોળ બની ગયા છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૮) ક્યારેક મારા બંને પગનાં તળિયાં કોમળ રૂની પૂણી સમાન હલકાં, સુશોભિત હતાં. હવે જરા-અવસ્થાએ તેને સૂકવીને, ચીમળાવીને કરચલીઓથી ભરાયેલાં બેડોળ બનાવી દીધાં છે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

(૧૯) મારું આ શરીર ક્યારેક સુખનો ભંડાર હતું, ખુશીઓથી ભરપૂર હતું, કામક્રીડાઓનું કેન્દ્ર હતું. હવે જરા-અવસ્થામાં તે જર્જરિત બની ગયું છે, અનેક દુ:ખોનું ઘર બની ગયું છે. એ જરા - જીર્ણ મકાન જેવું બની ગયું છે, જેનું પ્લાસ્ટર-મરામત તૂટી તૂટીને નીચે પડી ગયું હોય. સમારકામ કર્યા વગરનું જૂનું પુરાણું મકાન ઢસડાઈને પડી જાય છે, તેવી જ રીતે આ પણ જરા-અવસ્થાવાળું શરીર સેવા વગર સત્વરે પતન પામી જશે, નાશ પામી જશે, માત્ર હાડકાંનું ખંડેર રહી જશે. ખરેખર સત્યવાદી ભગવાનનાં વચનો ક્યારેય મિથ્યા હોતાં નથી.

કેટલા યથાર્થ છે અરહંત આમ્રપાલીના આ શબ્દો ! કેટલી સાચી છે જીવન-જગતની જરા-ધર્મા, અનિત્ય-ધર્મા, વિપરિણામ-ધર્મા, સચ્ચાઈઓની આ સુમાંગલિક અભિવ્યક્તિ !!

આ ઉદ્‌ગાર અનેકોના કલ્યાણ માટે પથપ્રદર્શક બનો !

**-''ધારણ કરે તો ધર્મ'' પુસ્તકમાંથી સાભાર**

## ધમ્મકોટ : શિબિર સૂચના

**અગાઉ પત્રિકામાં જણાવ્યા અનુસાર**
**તા. ૧-૯-૨૦૧૯ થી ૧૨-૯-૨૦૧૯ સ્પે. ૧૦ દિવસીય શિબિર નિર્ધારિત હતી, તે હવે નિયમિત ૧૦ દિવસીય થઇ છે નોંધ લેવા વિનંતી.**

## ધમ્મપાલિ : તારીખ ફેરફાર

**અગાઉ પત્રિકામાં જણાવ્યા અનુસાર**
**તા. ૨૧-૮-૨૦૧૯ થી ૧-૯-૨૦૧૯ - ૧૦ દિવસીય શિબિર નિર્ધારિત હતી, તે હવે**
**તા. ૨૩-૮-૨૦૧૯ થી ૩-૯-૨૦૧૯ કરેલ છે.**
**નોંધ લેવા વિનંતી.**

## ધમ્મકોટ નવા કેન્દ્રનું નિર્માણ

વર્તમાન ધમ્મકોટ કેન્દ્રની જગ્યા કેટલાય સમયથી ઓછી પડતી હોવાથી હાલમાં જ રંગપર ગામ ખાતે ૨૧ એકરની વિશાળ જગ્યામાં નવા કેન્દ્ર અને સંલગ્ન આવશ્યક સુવિધાઓનું નિર્માણ કરવાનું આયોજિત છે.

**નવા ધમ્મકોટ કેન્દ્રની વિશેષતાઓ નીચે મુજબ હશે :**

| | |
|---|---|
| ૧. સાધક–સાધિકાઓ માટે આવાસ | ૨૮૦ રૂમ |
| ૨. ધમ્મહોલ મોટા | ૩ |
| ૩. ધમ્મહોલ નાના | ૬ |
| ૪. શૂન્યાગાર | ૨૮૦ |
| ૫. ડાઇનિંગ હોલ | ૨ |
| ૬. આચાર્ય નિવાસ | ૮ |
| ૭. કાર્યાલય–ઓફિસ | ૧ |
| ૮. અતિથિ કક્ષ–ગેસ્ટ હાઉસ | ૬ |
| ૯. સ્ટાફ કવાર્ટર | ૧૦ |

**પ્રથમ ચરણમાં કરવામાં આવનાર કામોની વિગત નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૧. સાધક–સાધિકાઓ માટે આવાસ | ૧૦૦ રૂમ |
| ૨. ધમ્મહોલ | ૧ |
| ૩. શૂન્યાગાર | ૧૨૦ |
| ૪. ડાઇનિંગ હોલ | ૧ |
| ૫. આચાર્ય નિવાસ | ૪ |
| ૬. કાર્યાલય–ઓફિસ | ૧ |
| ૭. કમ્પાઉન્ડ વોલ | ૬૦૦૦ રનિંગ ફૂટ |

આપ જોઇ શકશો કે આગામી વર્ષોમાં અહીં ધર્મના પ્રસારનું કાર્ય મોટા પાયે થવા જઇ રહ્યું છે. કેટલાયે સાધકો અહીં સાધના કરીને ધર્મ પામશે. આ પુનીત કાર્યમાં, નિર્માણ ખર્ચમાં સહભાગી થઇને આપ પુણ્ય પારમીનું અર્જન કરી શકશો. દાનની રકમ બેંક ખાતામાં જમા કરાવવા માટે બેંક ખાતાની વિગત નીચે આપી છે.

**બેંક :** **HDFC LTD.** બેંક **શાખા :** યાજ્ઞિક રોડ
**ખાતાનંબર :** ૫૦૧૦૦૦૨૬૬૧૩૧૨૮ **ખાતુ :** સેવિંગ એકાઉન્ટ
**IFSC કોડ :** HDFC0000101 **MICR કોડ :** ૩૬૦૨૪૦૦૦૨

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૯-૨૦ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧. રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666, M : 78 78 72 72 23, M : 78 78 72 72 40, M : 93279 23540,
E-mail : dhammakot@gmail.com

16-08 to 27-08
01-09 to 12-09
18-09 to 29-09
09-10 to 20-10
24-10 to 04-11
07-11 to 18-11

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
03-09 to 11-9-19

**3 DAYS**
03-10 to 06-10-19

**DS Workshop**
14-9 to 15-9-19

**1 DAY**
29-09-2019

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, **ગામ :** વગલવાડ, તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 78784 60961, Mo : 95865 82660, 94281 60714, 98250 44536. E-mail : info@ambika.dhamma.org

03-08 to 14-08-19
24-08 to 04-09-19
11-09 to 22-09-19
24-09 to 05-10-19
13-10 to 24-10-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
26-09 to 04-10-19

**10 Days Spl.**
24-09 to 05-10-19

**3 DAYS**
15-08 to 18-08-19

**20 DAYS**
17-12 to 07-01-20

**30 DAYS**
17-12 to 17-01-20

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કિટેક્ટ, ૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ, લાકડા બજાર, માંડવી, કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-223575, M : 99745 75660
E-mail : info@sindhu.dhamma.org

30-07 to 10-08-19
12-08 to 23-08-19
25-08 to 05-09-19
08-09 to 19-09-19
30-10 to 10-11-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
10-09 to 18-09-19

**10 Days Spl.**
27-11 to 08-12-19

**3 DAYS**
15-08 to 18-08-19

**20 DAYS**
25-09 to 16-10-19

**30 DAYS**
25-09 to 26-10-19

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690, M : 94264 19397
E-mail : info@pitha.dhamma.org

21-08 to 01-09-19
19-09 to 29-09-19
02-10 to 13-10-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
15-10 to 23-10-19

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

13-09 to 24-09-19
05-11 to 16-11-19

**1-DAY**
08-10-2019

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800, 254634, 252345
M : 94292 33000.
E-mail : info@divakara.dhamma.org

31-07 to 11-08-19
14-08 to 25-08-19
28-08 to 08-09-19
11-09 to 22-09-19
25-09 to 06-10-19
09-10 to 20-10-19
30-10 to 10-11-19
20-11 to 01-12-19
04-12 to 15-12-19
18-12 to 29-12-19
01-01 to 12-01-20

**ફક્ત જૂના સાધકો માટે**

**Teen.Girl**
12-11 to 20-11-19

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail : dhammapali15@gmail.com

23-08 to 03-09
04-09 to 15-09
25-09 to 06-10
09-10 to 20-10
23-10 to 03-11
04-11 to 15-11

**ફક્ત જૂના સાધકો માટે**

**1 DAYS**
04-08-2019
01-09-2019
06-10-2019
03-11-2019
01-12-2019
05-01-2020

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

યુદ્ધભૂમિ યોદ્ધા તપે, તપે સૂર્ય આકાશ ।
તાપસ અન્તસ મેં તપે, કરે દુઃખોં કા નાશ ॥

રણ સહસ્ર યોદ્ધા લડે, જીતે યુદ્ધ હજાર ।
પર જો જીતે સ્વયં કો, વહી શૂર સરદાર ॥

ચિત્ત સમરાંગણ જો કરે, સતત ઘોર સંગ્રામ ।
ઐસે જાગ્રત સંત કો, હૈ આરામ હરામ ॥

## દોહા ધરમના

સમય બડા અનમોલ હૈ, સમય બડા બલવાન ।
બિન પ્રમાદ તપતા રહે, પાએ પદ નિર્વાણ ॥

સદા જૂઝતા હી રહે, કરે અથક પુરુષાર્થ ।
ઈસ શ્રમજીવી શ્રમણ કો, હોય પ્રકટ પરમાર્થ ॥

જહાં જહાં ઈસ સ્કંધ મેં, સમ્યક સ્મૃતિ જગ જાય ।
વહીં દિખે ઉત્પાદ-વ્યય, તો અમૃત મિલ જાય ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 16 જુલાઈ 2019** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20**
**(Renewed upto 31.12.2020)**
**Weighs less than 30 gms**
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org